| GJVD130001472026 | सत्यमेव जयते | પ્રાપ્તિ તારીખ | ૦૯/૦૨/૨૦૨૬ | | |
|---|---|---|---|---|---|
| | | દાખલ તારીખ | ૦૯/૦૨/૨૦૨૬ | | |
| | | ફેંસલ તારીખ | ૨૭/૦૩/૨૦૨૫ | | |
| | | સમયગાળો | દિવસ | માસ | વર્ષ |
| | | | ૧૮ | ૦૧ | ૦૦ |

---

**મે.શિનોરના પ્રીન્સીપાલ સીવીલ જજ (એમ.એમ.સૈયદ) સાહેબશ્રીની કોર્ટ સમક્ષ, મુ. શિનોર, જી. વડોદરા.**

---

**ફોજદારી પરચુરણ અરજી નં. ૦૯/૨૦૨૬**
**આંક –**

**અરજદાર :– ઐયુબમીયાં બચુમીયાં મલેક**
રહે.મુ, પો. પણસોરા, તા, જિ. આણંદ.

**વિરુધ્ધ**

**સામાવાળા :–** શ્રી સરકાર

**વિષય :– બી.એન.એસ.એસ. ની કલમ–૪૯૭ મુજબ મુદ્દામલ પરત મેળવવા બાબત....**

---

**અરજદાર તરફે :– વિ.વ.શ્રી એચ.સી.જોષી.**
**સામાવાળા તરફે :– વિ.વ. એ.પી.પી.શ્રી (સુનીલભાઇ પ્રજાપતિ)**

---

**(૧)** અરજદારની હકીકત એવી છે કે, અરજદાર પાસેથી રૂ.૧,૪૨,૬૧૦/– (અંકે રૂપીયા એક લાખ બેત્તાળીસ હજાર છસો દસ પુરા) શિનોર પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૭૦૪૬૨૫૦૭૬૩/૨૦૨૫ ના કામે બી.એન.એસ. અધિનિયમની કલમ ૩૧૮(૪), ૩૫૨, ૫૪ તથા ગુજરાત માનબ બલીદાન અને બીજી અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથા અને કાળો જાદુ અટકાવવા અને તેનું નુર્મુલન કરવા બાબત અધિનિયન ૨૦૨૪ ની કલમ–૩(૩) ના કામે દાબ દબાણથી કબજે કરેલ છે. સદરહું મુદ્દામાલ પોલીસ કસ્ટડીમાં રાખવામાં આવેલ છે. જેથી અરજદારની માલીકીનો સદર મુદ્દામાલ રૂ.૧,૪૨,૬૧૦/– અંકે રૂપીયા એક લાખ બેત્તાળીસ હજાર છસો દસ પુરા પરત લેવા હાલની આ અરજ ગુજારેલ છે.

Principal Civil Judge
Sinor.

**<u>હાલની અરજના કારણો નીચે મુજબ છે.</u>**

સદર કામના ફરિયાદીએ અરજદાર વિરૂધ્ધ શિનોર પો.સ્ટે.માં ઉપરોક્ત પેરા મુજબ ફરિયાદ કરેલી છે. જેથી શિનોર પોલીસે અમોના ઘરેથી તથા અમારા ખિસ્સામાં રહેલ રકમ મળી કૂલ રૂ.૧૪૨,૬૧૦/– (અંકે રૂપીયા એક લાખ બેનાલીસ હજાર છ સો દસ પુરા) અરજદારના ધંધાના તથા ખેતીના તથા હાથ વપરાશના કબજે કરેલ છે. હાલના કામે અરજદારને તેઓના નાણા વસુલ લેવા અરજદારને ખોટી રીતે સંડોવી દિધેલ છે. અરજદાર ફરિયાદીની ફરિયાદ મુજબ કોઈ પણ સ્થળે હાજર હોઈ તેવું પ્રથમ દ્રષ્ટીએ જણાતું નથી. અરજદાર વેપારી હોઈ અને ખેતી કરતા હોઈ પોતાના ઘરે લાખ દોઢ લાખ રૂપીયા જેવી રકમ મજુરોને ચુકવવા, ખેતીના ખર્ચ માટે તથા અન્ય ખેતીના ખર્ચ માટે રાખવા પડે. જેથી અરજદારને જ્યારે શંકાના આધારે આ કામે ધરપકડ કરવામાં આવેલ ત્યારે પોલીસ અરજદારના ઘરેથી રૂ.૧૩૦,૦૦/– તથા ખિસ્સામાંથી રૂ.૧૨,૬૧૦/– પોલીસે કબજે કરેલા છે. અરજદારને ઉપરોક્ત નાણાં જે મિત્રવર્તુળમાંથી પાસેથી મેળવેલા છે તેમને પરત આપવાના છે. અરજદાર સદર કામે કબજે કરેલા નાણાંને લીધે આર્થિક સંકટમાં મુકાઈ ગયેલા છે. અને રોજ–બરોજના આર્થિક વ્યવહારો માટે બેંકમાંથી લોન લેવી પડે તેવી પરિસ્થિતિ ઉભી થઈ છે. અરજદારનેના કોર્ટ જે પુરાવા માંગશે તે રજુ કરવા સંમત છે. ના.કોર્ટ જે શરતો ફરમાવશે તે શરતોનું ચુસ્તપણે પાલન કરવાની બાંહેધરી આપે છે. અરજદાર સદર કામે પુરાવા રજુ કરવાનો હક્ક અબાધિત રાખી ના.કોર્ટ સમક્ષ હાલની અરજ રજુ કરેલ છે. અરજદારની અરજી ધ્યાને લઈ અરજદારને પોલીસે અરજદાર પાસેથી કબજે કરેલ નાણાં રૂ. ૧૪૨,૬૧૦/– અરજદારને પરત આપવા હુકમ થવા અરજ કરેલ છે. સબબ વિનંતી કરેલ છે કે, અરજદાર પાસેથી રૂ.૧૪૨,૬૧૦/– શિનોર પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૭૦૪૬૨૫૦૭૬૩/૨૦૨૫ ના કામે બી.એન.એસ. અધિનિયમની કલમ ૩૧૮(૪), ૩૫૨, ૫૪ તથા ગુજરાત માનબ બલીદાન અને બીજી અમાનુષી, અનિષ્ટ અને અધોરી પ્રથા અને કાળો જાદુ અટકાવવા અને તેનું નુર્મુલન કરવા બાબત અધિનિયન ૨૦૨૪ ની કલમ–૩(૩) ના કામે કબજે કરેલ અરજદારને નાણાં પરત આપવા હુકમ તથા નામદાર કોર્ટને લાગતી હરકોઈ દાદ અપવવા અરજ કરેલ છે.

Principal Civil Judge
Sinor.

**(૨)** સદર કામે ફરિયાદી તરફે આંક–૪ થી મુદ્દામાલ પરત કરવા સામે વાંધા રજુ કરેલા છે. જે નીચે મુજબ છે.

- અરજદારની અરજ પેરા નં : ૧ મા જણાવેલ કેફીયતો ખરી નથી વાંધેદારને કબુલ મંજુર નથી તથા અરજદાર ની અરજના કારણ નં : ૧ થી ૮ ની કેફીયતો ખરી નથી અને વાંધેદારને કબુલ નથી. હાલના અરજદાર તેઓની અરજના કારણ પેરા નં : ૧ માં એવુ જણાવે છે કે સદર કામના ફરીયાદીએ આરોપી/અરજદાર વિરુધ્ધ શિનોર પો.સ્ટેમા ઉપરોકત પેરા મુજબ ફરીયાદ કરેલી છે. જેથી શિનોર પોલીસે અમોના ઘરેથી તથા અમારા ખિસ્સામા રહેલ રકમ મળી કુલ રુ. ૧,૪૨,૬૧૦/– (અંકે રુપિયા એક લાખ બેતાલીસ હજાર છ સો દસ પુરા) તેઓના ધંધાના તથા ખેતીના તથા હાથ વપરાશના કબજે કરેલ છે. હાલના કામે અરજદારને તેઓના નાણા વસુલ લેવા અરજદારને ખોટી રીતે સંડોવી દિધેલ છે. તેમજ હાલનાઅરજદાર તેમની જ અરજ કારણ પેરા નં : ૪ મા એવુ જણાવે છે કે અરજદાર/આરોપીને ઉપરોકત નાણા જે મિત્રવર્તુળમાંથી પાસેથી મેળવેલા છે તેમને પરત આપવાના છે. એટલે હાલના અરજદાર પોતે જ તેમની અરજીમા ચોક્કસ નક્કી કરી શકેલ નહી. કે સદર નાણા તેમના ધંધાના તથા ખેતીના તથા હાથ વપરાશના કે મિત્ર વર્તુળ પાસેથી મેળવેલા. તેથી અરજદારની હાલની અરજ પ્રથમથી જ રદ્દ થવાને પાત્ર છે. અરજદારની અરજ પેરા નં : ૨ મુજબની અરજદારને કોઈ દાદ મેળવવા હક્કદાર ન હોય, જેથી અરજદારની હાલની અરજી ખર્ચ સહિત નામંજુર કરવા વિનંતી કરેલ છે. આ અંગે ખરી હકીકત એવી છે કે, હાલના મુળ ફરીયાદી/વાંધેદારે સદર કામના અરજદાર તેમજ અન્ય આરોપીઓ વિરુધ્ધ શિનોર પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં : ૧૧૧૯૭૦૪૬૨૫૦૭૬૩/૨૦૨૫ થી બી.એન.એસ અધિનિયમની કલમ–૩૧૮(૪), ૩૫૨, ૫૪ તથા ગુજરાત માનવ બલીદાન અને બીજી અમાનુષી, અનિષ્ટ અને અધોરી પ્રથા અને કાળો જાદુ અટકાવવા અને તેનુ નુર્મુલન કરવા બાબત અધિનિયમ–૨૦૨૪ ની કલમ–૩(૩) મુજબ તા.૦૮/૧૧/૨૦૨૫ નારોજ ફરીયાદ નોધાવેલ છે જે ફરીયાદની ટુકી હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ ગોપીનાથ બાબા ઉર્ફે ઐયુબ બેલીમ રહે. પાનસોરા તથા ઝાકીરભાઈ તથા દક્ષેશભાઈ ઠાકર તથા ભૌમિકભાઈ ઠાકર ત્રણેય રહે. નાના કરાળા ગામ નાઓએ

Principal Civil Judge
Sinor.

એકબીજાના મેળાપણુ હેઠળ ગોપીનાથ બાબ ઉર્ફે ઐયુબ બેલીમ નાઓએ ફરીયાદીને વિશ્વાસમા લઈ રુપિયા એકના ડબલ કરવાની વિધી કરવાના બહાના હેઠળ ફરીયાદી પાસેથી ત્રીસ લાખ રુપિયા લઇ જઇ છેતરપિંડી કરી ગુન્હો કર્યા વિગેરે બાબતની ફરીયાદ કરેલ છે. આમ હાલના મુળ ફરીયાદી/વાંધેદારે હાલના અરજદાર તેમજ અન્ય આરોપીઓ વિરુધ્ધ ફરીયાદ નોધાવેલ છે જે ફરીયાદના કામે ત.ક અમલદાર દ્વારા હાલના અરજદાર/આરોપી પાસેથી ત.ક અમલદાર દ્વારા રુા.૧,૩૦,૦૦૦/– (અંકે રુપિયા એક લાખ ત્રીસ હજાર પુરા) રોકડા રીકવર કરેલા છે તેમજ ઝાકીરભાઈ જશુભાઈ રાઠોડ પાસેથી રુા. ૨૬,૫૦,૦૦૦/– (અંકે રુપિયા છવીસ લાખ પચાસ હજાર પુરા) રોકડા રીકવર કરેલા છે તેમજ દક્ષેશભાઈ ઠાકર પાસેથી ત.ક અમલદાર દ્વારા રુા.૨,૦૦,૦૦૦/– (અંકે રુપિયા બે લાખ પુરા) રોકડા રીકવર કરેલા છે તેમજ દેવાંગ ભટ્ટ નાઓ પાસેથી ત.ક.અમલદાર દ્વારા રુા. ૨૦,૦૦૦/– (અંકે રુપિયા વીસ હજાર પુરા) રોકડા રીકવર કરેલા છે આમ સદર આરોપીઓ પાસેથી ત.ક.અમલદારે કુલ રૂા. ૩૦,૦૦,૦૦૦/– (અંકે રુપિયા ત્રીસ લાખ પુરા) ની રીકવરી કરેલ છે. આમ હાલના અરજદારે તેઓની અરજી મુજબ રુા. ૧,૪૨,૬૧૦/–(અંકે રુપિયા એક લાખ બેતાલીસ હજાર છ સો દસ પુરા) કે જે હાલના મુળ ફરીયાદી/વાંધેદારે કરેલ ફરીયાદના કામે હાલના અરજદાર પાસેથી હાલના અરજદારના કહેવા મુજબ દાબ–દબાણથી કબજે કરેલ છે. જેવી કેફીયતો ખોટી જણાવેલ છે, અને હાલના મુળ ફરીયાદી/વાંધેદારનુ એવુ કહેવુ છે કે જો તે રકમ હાલના અરજદાર પાસેથી ત.ક.અમલદાર દ્વારા દાબ–દબાણથી કબજે કરવામા આવી હોત તો હાલના અરજદારને ત.ક.અમલદાર દ્વારા તા.૦૯/૧૧/૨૦૨૫ ના રોજ અટક કરવામા આવેલા અને તે જ દિવસે હાલના અરજદાર પાસેથી ત.ક.અમલદાર રુા.૧,૩૦,૦૦૦/– (અંકે રુપિયા એક લાખ ત્રીસ હજાર પુરા) રોકડા રીકવર કરવામા આવેલા, ત્યારબાદ ચોવીસ કલાકના સમયની અંદર આપ નામ.કોર્ટ સમક્ષ હાલના અરજદારને રજુ કરવામા આવેલા ત્યારે નામ.કોર્ટ દ્વારા હાલના અરજદારને પોલીસ વિરુધ્ધ કોઈ ફરીયાદ છે કે કેમ જે અંગે પુછવામાં આવેલુ જયારે હાલના અરજદારે પોલીસ વિરુધ્ધ કોઈ ફરીયાદ નથી તેમ નામ.કોર્ટમા જણાવેલુ , ત્યારબાદ

Principal Civil Judge
Sinor.

ત.ક.અમલદારને હાલના મુળ ફરીયાદી/વાંધેદારની ફરીયાદ મુજબના બાકીના નાણા રીકવર કરવાના હોઇ તેમજ સદર ગુનામા અન્ય આરોપી સંડોવાયેલા છે કે કેમ તે અંગે તપાસ કરવાની હોઇ તેથી ત.ક.અમલદાર દ્વારા આરોપીઓ/હાલના અરજદારની રીમાન્ડની જરુરીયાત હોય તેથી દિન–૧૦ ના રીમાન્ડની માંગણી કરતા નામ.કોર્ટ દ્વારા હાલના અરજદાર/આરોપીઓના દિન–૭ ના રીમાંન્ડ મંજુર કરેલા. આમ ઉપરોકત મુજબ હાલના અરજદાર/આરોપીના દિન–૭ ના રીમાંન્ડ પૂર્ણ થતા હાલના અરજદાર/આરોપીને ત.ક.અમલદાર દ્વારા આપ નામ.કોર્ટમાં રજુ કરવામા આવેલા ત્યારે પણ નામ.કોર્ટ દ્વારા હાલના અરજદાર/આરોપીને પુછવામા આવેલું કે પોલીસ વિરુધ્ધ ફરીયાદ છે કે કેમ ત્યારે પણ હાલના અરજદાર/આરોપી એ પોલીસ વિરુધ્ધ ફરીયાદ અંગે નામ.કોર્ટમા ઈન્કાર કરેલો, ત્યારબાદ વધુ કોઈ રીમાન્ડની માંગણી ન હોઈ તેથી હાલ અરજદાર/આરોપીને નામ.કોર્ટ દ્વારા જયુડી. કસ્ટડીમાં સ્વીકારેલા જે બાદ હાલ અરજદાર/આરોપીએ જામીન ઉપર મુક્ત થવા તેઓના વકીલ મારફતે આપ નામ.કોર્ટમા તા.૧૭/૧૧/૨૦૨૫ નારોજ જામીન અરજ ગુજારતા આપ નામ.કોર્ટ દ્વારા તે જ દિવસે એટલે કે તા.૧૭/૧૧/૨૦૨૫ ના રોજ હાલના અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરેલા. આમ હાલના અરજદાર/આરોપી તેઓની હાલની અરજીમા જણાવે છે કે સદર મુદ્દામાલ તેઓ પાસેથી દાબ–દબાણથી કબજે કરેલ છે તો તે મુદ્દામાલ તેઓ પાસેથી જો ખરેખર દાબ–દબાણથી કબજે કરેલ હોત તો અરજદાર/આરોપીને સદર ગુનાના કામે અટક કરવામા આવેલા ત્યારબાદ ચોવીસ કલાકના સમયગાળાની અંદર આપ નામ.કોર્ટ સમક્ષ ત.ક.અમલદાર દ્વારા રજુ કરવામા આવેલા, ત્યારે પણ હાલના અરજદાર/આરોપીએ દાબ–દબાણ અંગે ત.ક.અમલદાર વિરુધ્ધ નામ.કોર્ટમા કોઈ ફરીયાદ કરવામા આવેલ નથી ત્યારબાદ નામ.કોર્ટ દ્વારા હાલના અરજદાર/આરોપીને રીમાન્ડ આપવામાં આવેલા જે રીમાન્ડ પૂર્ણ થતા ત.ક.અમલદાર દ્વારા હાલના અરજદાર/આરોપીને નામ.કોર્ટમા રજુ કરેલા ત્યારે પણ નામ.કોર્ટ દ્વારા પોલીસ વિરુધ્ધ કોઈ ફરીયાદ છે કે કેમ જે અંગે પુછવામા આવતા હાલના અરજદાર/આરોપીએ પોલીસ/ત.ક. અમલદાર વિરુધ્ધ કોઈ ફરીયાદ કરવામા આવેલી નથી. ત્યારબાદ હાલના

Principal Civil Judge
Sinor.

અરજદાર/આરોપી તા.૧૭/૧૧/૨૦૨૫ ના રોજ નામ.કોર્ટ માંથી જામીન ઉપર મુકત થયેલા છે જે જામીન ઉપર મુકત થયાને પણ હાલ બે માસ ઉપરાંતનો સમય થઇ ગયેલ હોઇ તેમ છતા હાલના અરજદાર/આરોપી દ્વારા તેઓ પાસેથી દાબ–દબાણથી જો નાણા રીકવર કરવામા આવેલ હોય તો તેઓએ આજદિન સુધી પોલીસ/ત.ક.અમલદાર વિરુધ્ધ કોઇ પણ જાતની ફરીયાદ કરેલ નથી. તેથી તેઓ પાસેથી દાબ–દબાણથી સદર નાણા રીકવર કરવામા આવેલા હોય તેવુ પ્રથમ દર્શનીય રીતે માની શકાય નહી. તેમની અરજી રદ્દ થવાને પાત્ર હોય રદ્દ કરવા વિનંતી કરેલ છે. હાલના અરજદાર તેઓની અરજ કારણ પેરા નં. ૫ મા એવુ જણાવે છે કે અરજદાર/આરોપી સદર કામે કબજે કરેલ નાણાને લીધે આર્થિક સંકટમા મુકાય ગયેલા છે અને રોજ–બરોજ ના આર્થિક વ્યવહારો માટે બેંક માંથી લોન લેવી પડે તેવી પરિસ્થિતિ ઉભી થઈ છે તેવી કેફીયતો તદ્દન ખોટી જણાવે છે કારણ કે જો હાલના અરજદાર જો સાચી રીતે આર્થિક સંકટમા મુકાય ગયેલા હોઈ અને તેમને બેંક માથી જો લોન લેવાની પરિસ્થિતિ થાય તેમ હોત તો હાલના અરજદાર નામ.કોર્ટમાથી જામીન ઉપર મુકત થયાના અઢી માસ જેટલા સમય ઉપરાંત બાદ હાલના અરજદારે સદર નાણા પરત મેળવવા આપ નામ.કોર્ટમાં અરજ ગુજારેલ છે. એટલે તેના ઉપરથી પણ સાબિત થાય છે કે હાલના અરજદારે મુળ ફરીયાદી/વાંધેદારને ફક્તને ફક્ત હેરાન અને પરેશાન કરવા તેમજ મુળ ફરીયાદી/વાંધેદારે મુદ્દામાલ પરત મેળવવા આપ નામ.કોર્ટમા ક્રિ.પ.અ.નં. ૪૨/૨૦૨૫ થી તારીખ : ૧૪/૧૧/૨૦૨૫ નારોજ અરજ ગુજારેલ છે તે અરજના કામે વિલંબ થાય તે આશયથી હાલની તદ્દન ખોટી અરજ આપ નામ.કોર્ટમા ગુજારેલ છે. તેથી હાલની અરજ રદ્દ થવાને પાત્ર છે. મુળ ફરીયાદી/વાંધેદાર સાથે હાલના અરજદાર/આરોપીએ એક કા ડબ્બલ ની લાલચ આપી વિશ્વાસમા લઈ મુળ ફરીયાદી/વાંધેદાર સાથે ઠગાઈ કરી જે અંગે મુળ ફરીયાદી/વાંધેદારે હાલના અરજદાર/આરોપી તથા અન્ય આરોપીઓ વિરુધ્ધ શિનોર પોલીસ સ્ટેશનમા ઉપરોકત મુજબ ગુનો નોધાવેલ છે, જે નાણા ત.ક.અમલદાર દ્વારા હાલના અરજદાર/આરોપી તથા અન્ય આરોપીઓ પાસેથી રીકવર કરેલા છે, જે નાણા મુળ ફરીયાદી/વાંધેદારની માલીકીના હોય તે પરત મેળવવા મુળ

Principal Civil Judge
Sinor.

ફરીયાદ/વાંધેદારે ક્રિ.પ.અ.નં. ૪૨/૨૦૨૫ થી તા.૧૪/૧૧/૨૦૨૫ નારોજ આપ નામ.કોર્ટમા અરજ ગુજારેલ છે અને તે મુદામાલ માલીકી અંગે આપ નામ.કોર્ટમાં અરજના કામે મુળ ફરીયાદી/વાંધેદારે જરુરી પુરાવાઓ પણ રજુ કરેલા છે અને હાલના અરજદારે તેમની અરજના કારણના પેરા નં : ૪ મા જણાવ્યા મુજબ મિત્ર વર્તુળ પાસેથી મેળવેલાનુ જણાવે છે તો તે કયા મિત્ર પાસેથી તેનો કોઈ ઉલ્લેખ કરેલો નથી કે કયા મિત્ર પાસેથી કેટલા રુપિયા મેળવેલા છે જે અંગેનો કોઈ ખુલાસો કરેલ નહી કે સદર નાણા હાલના અરજદાર કયાથી લાવેલા તે દર્શાવતા કોઈ દસ્તાવેજી પુરાવાઓ પણ રજુ કરેલા નથી અને તદ્દન ખોટી રીતે હાલની અરજ નામ.કોર્ટમા ગુજારેલ છે, અને મુળ ફરીયાદી/વાંધેદારે કરેલ મુદ્દામાલ પરત મેળવવા આપ નામ.કોર્ટમાં ક્રિ.પ.અ.નં :૪૨/૨૦૨૫ ના કામે પણ હાલના અરજદાર દ્વારા વાંધાઓ રજુ કરવા ખોટી–ખોટી મુદતો લેવામા આવેલા છે અને તેમજ મુળ ફરીયાદી/વાંધેદારે આપ નામ.કોર્ટમાં મુદ્દામાલ પરત મેળવવા કરેલ અરજ ક્રિ.પ.અ.નં : ૪૨/૨૦૨૫ ના કામે તે કામ વિલંબ થાય તે આશયથી તેમજ મુળ ફરીયાદી/વાંધેદારને હેરાન પરેશાન કરવા તેમજ માનસીક ત્રાસ આપવા નામ.કોર્ટમા ખોટી અરજી કરેલ હોય તેથી હાલની અરજ ખર્ચ સહિત નામંજુર કરવા હુકમ કરવા અરજ કરેલ છે.

(3) સરકાર તરફે રજુ પોલીસ અભિપ્રાય આંક–૬ થી તથા માર્ક–૬/૧ થી શરીર સ્થીતી, અંગ ઝડતી તથા અટક કર્યા અંગેનુ પંચનામુ, માર્ક–૬/૨ થી ડિસ્કવરી પંચનામું તથા માર્ક–૬/૩ અને માર્ક–૬/૪ થી મુદ્દામાલ પાવતી વંચાણે લેવામાં આવેલ છે. આંક–૬ ના અભિપ્રાયમાં જણાવેલ છે કે, "આ કામે અરજદાર/આરોપી વેપારી હોઈ અને ખેતી કરતા હોઈ અમારા ઘરે લાખ દોઢ રૂપીયા જેવી રકમ આજના આધુનીક યુગમાં કોઈ રાખતા ન હોય તેમજ એક સાથે મજુરોને ચુકવવા અને ખેતીના ખર્ચ માટે રકમ હોવાની હકીકત કોઇને ગળે ઉતરે તેમ ન હોય તેમજ તપાસ દરમ્યાન અરજદાર/આરોપીએ પોતાના પૈસા હોવાના કોઇ પુરાવા રજુ કરેલ નથી. આમ અરજદાર/આરોપીએ મનઘટત હકીકત જણાવેલ હોવાનું જણાઇ છે. તેમજ સદર મુદ્દામાલ (રોકડા રૂપિયા) બે પંચો રૂબરૂ પંચનામું સરકાર શ્રી ની ઇ–સાક્ષ્ય એપ્લીકેશન હેઠળ પંચનામું કરેલ છે. આમ અરજદારે કરેલ આક્ષેપો તદ્દન પાયાવિહોણા હોય જેથી અરજદાર/આરોપીને ગુના કામે કબ્જે કરેલ

Principal Civil Judge
Sinor.

નાંણા પરત નહી આપવા વિ છે. આ કામે અરજદાર/આરોપીને મુદ્દામાલના નાંણા પરત આપવામાં આવશે તો માણસોને કાયદાનો ડર રહેશે નહી અને આવા ગુના કરતા ખચકાશે નહી જેથી અરજદાર/આરોપીને ગુના કામે કબ્જે લીધે નાણા પરત નહીં સોપવા અમારો સ્પષ્ટ અભિપ્રાય. છે. જે રાખી લેવા વિ.છે."

**(૪)** હાલની અરજીના કામે અરજદાર તરફે દલીલોના સમર્થનમાં દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ નથી તથા અરજદાર આંક–૮ થી ક્લોઝીંગ પુરશીશ રજુ કરી પોતાનો પુરાવો પુરો થયેલ હોવાનું જાહેર કરેલ છે.

**(૫)** હાલની અરજીના કામે આરોપીઓ તરફે પોતાના કેસનાં સમર્થનમાં આંક–૫ થી દસ્તાવેજી પુરાવા લિસ્ટથી નીચે મુજબના પુરાવા રજૂ કરેલ છે.

**–:: દસ્તાવેજી પુરાવા ::–**

| અનુ. નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | કરજની શરતોની વિગતો દર્શાવતું વિવરણ પત્રક (બિલ નં. ૩૮૯૪) મહેતા બ્રિજેશકુમાર રમણલાલ નાઓને ત્યાં સોનાનાં દાગીના ગીરવે મુકેલ બિલની નકલ | માર્ક–૫/૧ |
| ૨. | કરજની શરતોની વિગતો દર્શાવતું વિવરણ પત્રક (બિલ નં. ૩૮૯૫) મહેતા બ્રિજેશકુમાર રમણલાલ નાઓને ત્યાં સોનાનાં દાગીના ગીરવે મુકેલ બિલની નકલ | માર્ક–૫/૨ |
| ૩. | રાધે ટ્રેડરસનાં બેન્ક ઓફ બરોડા અલીપુરા શાખાનાં ખાતા નં. ૧૬૭૭૦૨૦૦૦૦૦૬૯૮ ની સહી સિક્કાવાળી નકલ. | માર્ક–૫/૩ |
| ૪. | રાધે ટ્રેડરસનાં બેન્ક ઓફ બરોડા અલીપુરા શાખાનાં ખાતા નં. ૧૬૭૭૦૫૦૦૦૧૦૦૫૯ ની સહી સિક્કાવાળી નકલ. | માર્ક–૫/૪ |
| ૫. | પવન ટ્રેડરસનાં બેન્ક ઓફ બરોડા અલીપુરા શાખાનાં ખાતા નં. ૧૬૭૭૦૨૦૦૦૦૦૭૦૦ ની સહી સિક્કાવાળી નકલ. | માર્ક–૫/૫ |

– વાંધેદાર તરફે આંક–૯ થી ક્લોઝીંગ પુરશીશ રજુ કરી પોતાનો પુરાવો પુરો થયેલ હોવાનું જાહેર કરેલ છે.

Principal Civil Judge
Sinor.

– વધુમાં, આંક–૧૧ થી અરજદારની દલીલનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

– વાંધેદારે આંક–૧૨ થી તેઓના વાંધાને જ દલીલો ગણવી તેવી પુરશીશ રજુ કરેલ છે.

**<u>મુલ્યાંકન</u>::–**

(૬) હાલની મુદ્દામાલ અરજી ફોજરાદી પરચુરણ અરજી નં. ૪૨/૨૦૨૫ સાથે ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે. હાલના અરજદાર ફોજરાદી પરચુરણ અરજી નં. ૪૨/૨૦૨૫ ના વાંધેદાર છે તથા વાંધા અરજીમાં તથા હાલની અરજમાં અરજદારે જણાવેલ છે કે, "સદર કામે આરોપીઓ તથા ફરિયાદી વેપારી એકબીજા સાથે વેપાર કરતા હોઈ અને આરોપીઓના હિસાબના નાણાં આપવા ના પડે તે હેતુથી સામાવાળાઓને આરોપી બનાવી દિધેલ છે." વધુમાં, હાલના અરજદાર તેઓની અરજીમાં એમ પણ જણાવેલ છે કે, "અરજદારે ઉપરોક્ત નાણા જે મિત્રવર્તુળ પાસેથી મેળવેલા છે તેઓને પરત આપવાના છે" પરંતુ તે કયા મિત્ર પાસેથી કેટલા રુપિયા મેળવેલા છે જે અંગેનો કોઈ ખુલાસો કરેલ નહી કે સદર નાણા હાલના અરજદાર કયાથી લાવેલા તે દર્શાવતા કોઈ દસ્તાવેજી પુરાવાઓ પણ રજુ કરેલા નથી. આમ, તેઓ હાલના ફરિયાદી સાથે વેપાર કરતા હતા અને તેવું સાબિત થતું નથી. વધુમાં, હાલના અરજદારે પોતાની અરજીમાં રૂ. ૧૨,૬૧૦/– પોતાના ખિસ્સામાંથી પોલિસે કબજે કરેલ હોવાનું જણાવેલ છે પરંતુ અત્રેની કોર્ટમાં રજુ થયેલ મુદ્દામાલ પાવતીમાં તે રકમ કબજે કરેલ હોવાનું દર્શાવેલ નથી. જે સામે અરજદારે કોઈ વાંધો પણ લીધેલ નથી. જેથી અરજદારની હાલની અરજી નામંજૂર કરી, નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: <u>આ ખ રી હુ ક મ</u> ::–**

– અરજદારની અરજી આથી **નામંજૂર** કરવામાં આવે છે.

– પક્ષકારોએ પોતાનો ખર્ચ પોતે ભોગવવો.

હુકમ આજરોજ તા. **૨૭મી,** માહે– **માર્ચ,** સને– **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૭/૦૩/૨૦૨૬

Principal Civil Judge
Sinor.

સ્થળ : શિનોર.

**(મેહજબીનબેગમ મેહબુબમીયાં સૈયદ)**
પ્રીન્સીપાલ સીવીલ જજ તથા
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક., શિનોર.
જજ કોડ – જીજે ૦૧૪૫૨

A.R.RATHVA(Guj. Steno Gr–III)